ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org● E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૩-૦૮-૨૦૨૨

- **જીવન જરૂરીયાત ચીજવસ્તુઓના બેફામ ભાવ વધારાના વિરોધમાં તા. ૫મી ઓગસ્ટે જીલ્લા - શહેર મથકોએ કોંગ્રેસ દ્વારા ધરણાના કાર્યક્રમો કરવામાં આવશે.**
- **મોંઘવારી-બેરોજગારીની ભેટ આપનાર ભાજપ સરકાર સામે કોંગ્રેસ પક્ષ કરશે ધરણા પ્રદર્શન.**

જીવન જરૂરીયાત ચીજવસ્તુઓ જેવી કે ઘઉંનો લોટ, મધ, ગોળ,પેકિંગમાં મળતું અનાજ, વગેરે પર GST ના કારણે તેના ભાવમાં વધારો થવાથી પ્રજાજનો પર વધી રહેલ મોંઘવારીનો અસહ્ય બોજ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, અત્યંત અસંવેદનશીલ અને સરમુખત્યારી ભાજપ સરકારના અવિચારી અને પ્રજાવિરોધી નિર્ણયો પ્રજાજનોની હાડમારીમાં વધારો કરી રહ્યાં છે. વધુમાં દેશમાં ગ્રામીણ અને શહેરી બેરોજગારીમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. ત્યારે સતત વધતી બેરોજગારી, મોંઘવારી, તમામ આવશ્યક જીવન જરૂરી ચીજવસ્તુઓમાં બેફામ ભાવ વધારાને પગલે પીડાતી પ્રજાના પ્રશ્નોને ઉજાગર કરવા સમગ્ર રાજ્યમાં ભાજપ સરકાર સામે કોંગ્રેસ પક્ષ ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજાશે. ભાજપ સરકારની અવિચારી, વિવાદાસ્પદ અગ્નિપથ જેવી યોજના પણ બેરોજગાર યુવાનોની આકાંક્ષાઓને પણ નષ્ટ કરી રહી છે. હાલમાં સંસદના ચાલુ સત્રમાં સંસદ અને સંસદની બહાર પણ કોંગ્રેસ પક્ષ આ મુદ્દે આક્રમક વલણ દ્વારા વિરોધ પ્રદર્શન કરી રહી છે. ગુજરાતના ૩૩ જીલ્લા ૮ મહાનગરપાલિકા, ૧૫૭ નગરપાલિકામાં તારીખ ૫મી ઓગસ્ટ, ૨૦૨૨ ને શુક્રવારના રોજ મોંઘવારી અને બેરોજગારી સામે વિરોધ પ્રદર્શનનો અને સામુહિક ધરપકડનો કાર્યક્રમ યોજાશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા